
# બાળકોના રંગલાલા

## ભાગ-૩




લેખક

પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

ॐ

# નારેશ્વર વિભૂતિ મા રુકમામ્બા



'રંગજનની મા રુકમામ્બા'

**માતૃદેવ પદે વંદી, અનુજ્ઞા મેળવી સદા;**
**રંગદેવે કર્યાં કાર્ય, રુકમામ્બાને નમું નમું.**

# બાળકોના રંગદાદા
## ભાગ-૩

પ્રકાશક : શ્રીપ્રેમજયંતી સમિતિ, અમદાવાદ.
મો: ૯૮૨૪૫૦૪૨૦૬

ગ્રાફિક્સ : શ્રી અપર્ણા રાજેન્દ્ર ઉપાધ્યાય
"રાહ-રંગપ્રેમની"
મો: ૯૬૮૭૬૬૧૧૧૪

મુદ્રક : અજય ઑફસેટ, બારડોલપુરા, અમદાવાદ.

આવૃત્તિ : ત્રીજી
રથયાત્રા, સં. ૨૦૭૮
તા. ૧-૭-૨૦૨૨

પ્રત : ૨૫૦

રૂપિયા પચ્ચીસ

## (૧)

## યોગક્ષેમં વહામ્યહમ્ ।

વડોદરા કોલેજમાં આપણા પાંડુરંગ અભ્યાસ કરે.
૧૯૧૯ની સાલ અને જુલાઈ માસ.
આર્થિક પરિસ્થિતિ અનુકૂળ નહિ. પૈસાની ખેંચ.
પુસ્તકો ખરીદવાના પૈસા ન મળે.
પુસ્તકો ન મળે તો વાંચે પણ શું?
પરંતુ ભગવાનમાં ભરોસો ખૂબ.
ગુરુમહારાજમાં દઢ શ્રદ્ધા એટલે ભગવાન બધી સંભાળ લેશે એવા વિશ્વાસથી ભગવાનનું સ્મરણ કરે.
સરપોતદારના એક મોટા ભાઈ.
વડોદરામાં રહે. નામ એનું દત્તોપંત.
એમના મનમાં એવો ભાવ જાગ્યો કે પાંડુરંગને થોડી મદદ થાય તો સારુ.
'એલેમ્બિક કેમિકલ વર્કસ' નામની દવા બનાવતી કંપની.
એ કંપની વિદ્યાર્થીને મદદ કરવા માટે ફંડ રાખે.
પાંડુરંગ તો કોઈની પાસે મદદ માટે હાથ ન લંબાવે.
ભગવાન ભરોસે રહેવાનો નિયમ.

એક દિવસની વાત છે. દત્તોપંત વળામે પાસે આવ્યા. આવીને કહે કે 'ચાલો મારી સાથે'.

પાંડુરંગ તો થયા ઊભા અને દત્તોપંત સાથે ચાલવા માંડ્યું.

દત્તોપંત એમને એલેમ્બિકના કારખાનામાં લઈ ગયા.

એલેમ્બિક વર્કસવાળાએ પાંડુરંગને રૂપિયા પચાસ આપી દીધા. કશું પૂછ્યું પણ નહિ.

એ જમાનામાં તો રૂપિયા પચાસની મદદ એટલે ઘણી સારી મદદ ગણાય.

પાંડુરંગને શ્રીમદ્ ભગવદ્ ગીતાના શ્લોકની યાદ આવી ગઈ.

અનન્ય ભાવે ભગવાનનું ચિંતન કરનારના યોગક્ષેમ ભગવાન સંભાળે છે.

ન હોય તે મેળવવું એટલે યોગ અને જે મળે તેને જાળવવું તે ક્ષેમ. ગીતાનો શ્લોક છે:

અનન્યાંશ્ચિન્તયન્તો મામ્ યે જના: પર્યુપાસતે ।
તેષાં નિત્યાભિયુક્તાનાં યોગક્ષેમં વહામ્યહમ્ ॥

જીવનમાં ચિંતા નહિ, ચિંતન કરવું જોઈએ.

પ્રભુને જે સંભારે,
પ્રભુ તેને સંભાળે.

●

# (૨)

## મામાના મનની મૂંઝવણ ટળી

આપણા પાંડુરંગ ગોધરામાં રહે.
સંસ્કૃત સ્તોત્રો અને ધાર્મિક સાહિત્ય ખૂબ વાંચે.
એમના મામા યજ્ઞકાર્યમાં જાય.
વિષ્ણુસહસ્રનામના પાઠો કરે. પાઠ દીઠ દક્ષિણા મળે.
વિષ્ણુસહસ્રમાં વિષ્ણુ ભગવાનના એક હજાર નામ આવે.
એક વાર મામાએ યજ્ઞમાં જવાનું સ્વીકાર્યું.
યજ્ઞમાં જઈને વિષ્ણુસહસ્રનામના પાઠ કરવાના હતા.
હોમ કરવા બેસનાર કરતાં પાઠ કરનારને વધુ દક્ષિણા મળે.
હવે બન્યું એવું કે યજ્ઞના દિવસે જ મામાને નોકરી અંગે ઓચિંતુ બહાર ગામ જવાનું આવ્યું.
બહાર ગામ જાય તો યજમાનનું યજ્ઞકાર્ય કોણ કરે?
બહારગામ ગયા વગર ચાલે એમ ન હતું.
હવે શું કરવું?
મામાના મનમાં વિચાર આવ્યો.
પાંડુરંગને પાઠ કરવા મોકલું તો? એને પૂછી જોઉં.
જો પાંડુરંગને પાઠ કરવાનું ફાવે તો મૂંઝવણ ટળી જાય.

મામાએ પાંડુરંગને પૂછ્યું: 'ભાણાભાઈ! તમારું એક કામ પડ્યું છે. કામ કરશો?'

પાંડુરંગે કહ્યું કે, "અરે મામા! કામ શું છે તે તો કહો. થાય એવું હશે તો જરૂર કરીશ."

મામાએ પૂછ્યું કે "તને વિષ્ણુસહસ્રનામના પાઠ કરવાનું ફાવશે?"

ભાણાભાઈ પાંડુરંગે તો તરત જ કહી દીધું કે મામા! ફાવશે. ખૂબ સારી રીતે પાઠ કરીશ.

બોલો પાઠ ક્યાં કરવાના છે?

મામાએ કહ્યું કે એક યજમાનને ત્યાં વિષ્ણુયાગ થવાનો છે ત્યાં પાઠ કરવાના છે.

હું હા કહીને ના જઉં તો આચાર્ય મુશ્કેલીમાં મૂકાય.

પાંડુરંગે જવાની હા કહી.

મામાના મનની મૂંઝવણ ટળી.

●

## (૩)

## ધર્મો રક્ષતિ રક્ષિત: ।

પાંડુરંગમાં દેવભક્તિ અજબની.

પાંડુરંગને ધર્મપ્રેમ પણ ગજબનો.

પોતાના ધર્મનું ખૂબ અભિમાન.

ધર્મ માટે ગર્વ અને ગૌરવ બંને.

ધર્મકાર્ય પ્રત્યેની દૃષ્ટિ જ દિવ્ય. સાચી ધર્માભિમુખતા.

પાંડુરંગ તો મામાને આપેલા વચન પ્રમાણે ગયા.

વિષ્ણુયાગના મંડપમાં જઈને વિષ્ણુસહસ્રનામનો પાઠ કરવા બેઠા.

પાંડુરંગ તો શુદ્ધ ઉચ્ચારથી કડકડાટ પાઠ કરે.

સાંભળનારને પણ સાંભળવાનું મન થાય.

દેવને સંભળાવતા હોય એ રીતે પાઠ કરે.

વિષ્ણુસહસ્રનામનો એક પાઠ પૂરો થયો ત્યાં વડીલ એવાં એક બ્રાહ્મણ પાંડુરંગ પાસે આવ્યા.

બ્રાહ્મણ ઉંમરમાં મોટા. એમણે પાંડુરંગને કહ્યું કે મને મદદરૂપ બનશો?

પાંડુરંગે પૂછ્યું કે શી મદદ કરું?

બ્રાહ્મણે કહ્યું કે મારાથી યજ્ઞનો તાપ સહન થતો નથી. તમે મારી જગ્યાએ બેસશો? હું તમારી જગ્યાએ બેસી પાઠ કરીશ.

પરંતુ આ વાતનો ભેદ જાણતાં એક બીજા બ્રાહ્મણે પાંડુરંગને ચેતવ્યા અને કહ્યું કે: ‘પાંડુરંગ! તું પાઠ કરવા જ બેસ.’

‘તું હોમ કરવા ના જઈશ. હોમ કરનારને ઓછી દક્ષિણા મળે છે.’

પાઠ કરનાર બ્રાહ્મણને વધુ દક્ષિણા મળે છે.

આ વડીલ બ્રાહ્મણને તાપ નથી લાગતો પણ દક્ષિણાનો લોભ છે એટલે તારી સાથે છેતરપીંડી કરે છે.

પાંડુરંગે વિનયથી કહ્યું: વડીલ! હું ક્યાં દક્ષિણા માટે આવ્યો છું?

મારે વધુ દક્ષિણા શું ને ઓછી દક્ષિણા શું?

મારે તો મામાના વતી કામ કરવાનું છે ને! મારે તો ધર્મને સાચવવાનો છે ને!

પાંડુરંગે પેલા વડીલને હા કહી દીધી.

આપણે ધર્મને સાચવીએ તો ધર્મ આપણને સાચવે.

ધર્મો રક્ષતિ રક્ષિત: ।

રક્ષાયેલો ધર્મ આપણું રક્ષણ કરે છે.

•

# (૪)

## આદર્શ યજ્ઞકર્મનો સંકલ્પ

પાંડુરંગને ધર્મ પ્રત્યે સાચી નિષ્ઠા.
સમાજને ધારણ કરે તે ધર્મ.
આવા ધર્મનું કાર્ય નિષ્ઠાપૂર્વક થવું જોઈએ.
ભગવાન બનીને ભગવાનની પૂજા કરવી જોઈએ.
દેવો ભૂત્વા દેવં યજેત્ ।
એકવાર પાંડુરંગ યજ્ઞમાં ગયા.
બ્રાહ્મણો ધર્મ કર્મ કેવી રીતે કરતાં હતાં તે જોયું.
એમણે જોયું કે યજમાન હોય ત્યારે બ્રાહ્મણો યજ્ઞકાર્યો કરે, પાઠો કરે, મંત્ર જાપ કરે પણ,
યજમાન ન હોય ત્યારે બધું અસ્તવ્યસ્ત.
ખોટી ખોટી વાતો ચાલે.
યજ્ઞ મંડપમાં પાન-પટ્ટી ખવાય. કોઈ કોઈ બ્રાહ્મણ તો તમાકુ પણ ખાય.
પાંડુરંગને આ બધું જોઈને દુ:ખ થયું.
અરે! આ તે ધર્મકાર્ય કરવાની રીત છે? આવી રીતે ધર્મકાર્ય કરીએ તો યજમાનનું શું કલ્યાણ થાય?
આ તો ધર્મ છે કે છેતરપીંડી?
આવા યજ્ઞકાર્યથી તો યજમાનની શ્રદ્ધા પણ ઊડી જાય.

જયાં યજ્ઞમંડપ હતો તેની પાસે મુસલમાન ઘાંચી કુટુંબ રહે. એ લોકો આ બધું જુએ.
વેપારી ગ્રાહકોને છેતરે તેમ આ બ્રાહ્મણો યજમાનને છેતરે એવું એમને લાગતું હતું.
આ તો ધર્મને નામે લૂંટ કહેવાય. એ ઘાંચી મુસલમાનોની ટીકાનો અવાજ પાંડુરંગના કાને આવ્યો:
'એ હિન્દુ કે લૂંટેરૂ.' ન ગમે એવી ટીકા હતી પણ ટીકા સાચી હતી.
ટીકા હૃદય સોંસરી પેસી ગઇ. ખૂબ દુ:ખ થયું.
એ વેદનાની વ્યાકુળતામાંથી સંકલ્પ જાગ્યો: "જો ભગવાન મને નિમિત્ત બનાવશે, જો ગુરુમહારાજ સંજોગો ઊભા કરશે તો યજ્ઞકાર્ય-ધર્મકાર્ય કેવું હોવું જોઇએ એનો આદર્શ જગત સમક્ષ રજુ કરીશ".

●

# (૫)

## ❁ પ્રસિદ્ધિ વિમુખતા ❁

આપણા પાંડુરંગ કોલેજમાં ભણે.
વાંચન ઘણું. ચિંતન ઊંડું.
જોશીલી જબાન.
ભાષા ઉપર પૂરેપૂરો કાબૂ.
વિષયને તર્કબદ્ધ રજૂ કરે.
સાંભળનારના ગળે વાત ઊતરી જાય.
પરંતુ પાંડુરંગ જાહેરમાં બોલવાનું ટાળે.
પોતાની વાહ વાહ થાય એવું ન ગમે.
પ્રસિદ્ધિથી દૂર રહે.
કોલેજમાં યુવક સંમેલન (Youth Conference) ભરાય.
જુદા જુદા ઠરાવો રજૂ થાય.
આ ઠરાવ ઉપર બોલવા માટે તેમનું નામ સૂચવાય.
પરંતુ પાંડુરંગ પોતે ના પાડી દે.
એક વાર આભારદર્શનના ઠરાવ પર તેમણે બોલવું પડ્યું અને તેઓ બોલ્યા પણ ખરા.
એમણે ગુજરાતીમાં બોલવાનું શરૂ કર્યું પણ શ્રોતાઓની માગણીને માન આપીને અંગ્રેજીમાં બોલવાનું ચાલુ કર્યું.
દશેક મિનિટ બોલ્યા. ટાંકણી પડે તો પણ સંભળાય એવી નીરવ શાંતિ.

શ્રોતાગણ તો મંત્ર મુગ્ધ થઈને સાંભળ્યા જ કરે.
કાર્યક્રમ પૂરો થયો.
સંમેલનના પ્રમુખે શાબાશી આપી.
ખૂબ વખાણ કરતાં કહ્યું:
વકતૃત્વ કળા આટલી સરસ છે તો શરમાવ છો કેમ?
આપ તો પ્રતિભા સંપન્ન વક્તા બની શકો એમ છો.
આપની તેજીલી જબાન તો મડદામાં પણ પ્રાણ પૂરે એવી છે.
પાંડુરંગને પોતાની શક્તિનો ખ્યાલ હતો પરંતુ એમને પોતાની પ્રસિદ્ધિ થાય તે નહોતું ગમતું.
પ્રસિદ્ધિ-કીર્તિથી માણસ ઘણી વાર વિકાસનો રસ્તો ભૂલે છે, અભિમાની બને છે.
અભિમાન, ગૌરવ અને પ્રસિદ્ધિથી દૂર રહેવાનું તેમને યોગ્ય જણાતું. કહેવાયું છે કે:

અભિમાનં સુરાપાનં ગૌરવં રૌરવં મહત્ ।
પ્રસિદ્ધિ સૂકરી વિષ્ઠા તસ્માદેતત્ ત્રયં ત્યજેત્ ॥

અભિમાન એ દારૂ સમાન છે. ગૌરવ એ રૌરવ નરક સમાન છે અને પ્રસિદ્ધિ એ ભૂંડની વિષ્ઠા સમાન છે. માટે એ ત્રણથી દૂર રહેવું જોઈએ.
નાની ઉંમરથી જ પાંડુરંગ સિદ્ધિ-પ્રસિદ્ધિથી દૂર રહેતા.

●

## (૬)

## ‘બાલબોધિની’ની રચના

ગાંધીજીએ હાકલ કરી કે ‘કોલેજ છોડો’.

આપણા પાંડુરંગે હાકલ સાંભળી અને કોલેજ છોડી.

કોલેજ છોડી આવ્યા ગુજરાત વિદ્યાપીઠમાં.

ગુજરાત વિદ્યાપીઠમાં કાકાસાહેબ કાલેલકર સાથે પરિચય થયો.

આ કાકાસાહેબનું મૂળ નામ હતું: દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર. એ વિદ્યાપીઠમાં ભણાવે.

કાકાસાહેબ પાંડુરંગના ગુરુ બન્યા.

કાકાસાહેબ વિદ્યાર્થી પાંડુરંગને ભણાવે.

ભણાવતાં ભણાવતાં પાંડુરંગનુ હીર ઓળખી લીધું.

એક વાર કાકાસાહેબને વિચાર આવ્યો કે વિદ્યાર્થીનું જીવન ઘડતર થાય એવું કંઇ કરવું જોઇએ.

એમનું જીવન નીતિમય બને, ધર્મમય બને એ જરૂરી છે.

તો શું કરવું? શું કરી શકાય?

એમને ભર્તૃહરિના ત્રણ શતક યાદ આવ્યાં.

આ ભર્તૃહરિ એક રાજા હતા, પરંતુ જીવનના કડવા અનુભવને કારણે એણે રાજપાટ છોડી દીધાં અને વૈરાગ્યના બેતાજ બાદશાહ બન્યા, સંન્યાસી થયા.

એમણે નીતિને લગતાં, વૈરાગ્યને લગતાં, અને શ્રૃંગારને લગતાં સો સો (શતક) શ્લોક રચ્યાં.

એ નીતિશતક, વૈરાગ્ય શતક અને શ્રૃંગાર શતકના નામે ઓળખાયાં.

એમણે વિજ્ઞાન શતક એવું ચોથું શતક પણ રચ્યું હતું.

આ ત્રણ શતકમાંથી વિદ્યાર્થીના જીવનને નીતિમય બનાવે એવા ૧૦૮ શ્લોક કાકાસાહેબે પસંદ કર્યા.

આ ૧૦૮ શ્લોકનો સંચય કર્યો તેનું નામ રાખ્યું: 'સદ્‌બોધ શતક'.

કાકાસાહેબે આ શ્લોક ઉપર સંસ્કૃતમાં ટીકા લખાય એ જરૂરી માન્યું.

આ ટીકા લખવાનું કામ પાંડુરંગને સોંપ્યું.

પાંડુરંગે ગુરુની આજ્ઞા માથે ચઢાવી અને ટીકા લખી.

ટીકાનું નામ આપ્યું: 'બાલબોધિની'.

પચ્ચીસ-છવ્વીસ વર્ષની ઉંમરે પાંડુરંગે લખેલી આ ટીકા એમની વિવિધ શક્તિનો પરિચય કરાવે છે.

આ 'સદ્‌બોધ શતક' અને એના ઉપરની ટીકા વાંચવાથી માણસ નીતિમય બને અને આદર્શમય બને.

•

## (૭)

# બાલબોધિની આસ્વાદ

સદ્‌બોધ શતકમાં ભર્તૃહરિ રચિત એકસો આઠ (૧૦૮) શ્લોક છે.

જીવનને નીતિમય બનાવે એવા આ શ્લોક છે.

વિદ્યાનું મહત્ત્વ, કોઈ પાસે માગવું નહીં, ધર્મ જ સ્થિર છે, એ સિવાયનું બીજું બધું ચંચલ છે. સંતોષ કેળવો. એવા જીવનને ઉન્નત બનાવે એવા શ્લોક પસંદ કરવામાં આવ્યા છે.

આ શ્લોકનો અનુવાદ કરી પાંડુરંગે એનું વિવેચન કર્યું છે - ટીકા લખી છે. આ ટીકાનું નામ આપ્યું: 'બાલબોધિની'.

એક શ્લોક લઈ તેનો અનુવાદ જોઈએ અને પછી પાંડુરંગે સંસ્કૃતમાં કરેલી ટીકાનો ગુજરાતી અનુવાદ જોઈએ.

એતે સત્પુરુષા પરાર્થ ઘટકા: સ્વાર્થં પરિત્યજય યે
સામાન્યાસ્તુ પરાર્થમુદ્યમભૃત: સ્વાર્થાવિરોધેન યે ।
તેડમી માનવરાક્ષસા: પરહિતં સ્વાર્થાય નિઘ્નન્તિ યે
યે તુ ઘ્નન્તિ નિરર્થકં પરહિતં તે કે ન જાનીમહે ॥

(સદ્‌બોધ શતક- શ્લોક નં. ૪૮)

**અનુવાદ:** પોાનો સ્વાર્થ ત્યજી દઈ અન્યનું કાર્ય કરનાર સત્પુરુષ છે.

પોતાના સ્વાર્થને વાંધો ન આવે એ રીતે પારકાનું કાર્ય કરનાર સામાન્ય માણસો છે.

જેઓ સ્વાર્થ માટે પારકાનું હિત બગાડે છે તેઓ મનુષ્યમાં રાક્ષસ સમાન છે.

પરંતુ જેઓ પ્રયોજન વિના જ પારકાનું હિત બગાડે છે તેઓ કોણ છે તે અમે જાણતા નથી.

**પાંડુરંગે સંસ્કૃતમાં કરેલી ટીકાનું ગુજરાતી:**

એતે ઈતિ । જે પુરુષો સ્વાર્થ-સ્વ પ્રયોજનને- અમરકોષના વચન પ્રમાણે 'અર્થ' (અર્થ્યતે 'અર્થ ઉપયાંચાયામ્')ના કહેવા યોગ્ય, ધન, વસ્તુ, પ્રયોજન, નિવૃત્તિ એ પાંચ અર્થ છે- ત્યજીને- છોડીને, પરાર્થ- અન્યના અર્થ-હિત માટે ઉદ્યત-યત્નશીલ થાય તે સત્પુરુષો ઉત્તમજનો છે. જે પુરુષો સ્વાર્થના અવિરોધથી- સ્વાર્થને પ્રતિકૂળ ન થાય એ રીતે એટલે કે સ્વાર્થ સાધતાં સાધતાં, પરાર્થ-અન્ય અર્થે ઉદ્યમ કરે-પોતાના પ્રયોજનને અનુકૂળ રહીને પારકાનાં ભલા માટે પ્રયત્ન કરે તે સામાન્ય-મધ્યમ પ્રકારના મનુષ્ય છે. કહ્યું છે કે:

"અહીં એવા સંતો સુમતિ જગમાં કૈંક વસતા,
કૃતજ્ઞી જે એવા સતત ઉપકારો પ્રતિ કરે;
ત્યજી જે સ્વાર્થોને પરહિત મહીં છેક વ્યસની,
કર્યાં પુણ્યે પ્રેમી, કવણ અહીં સંતો જગ વિશે."

જે અપકારી પર ઉપકાર કરે તે ઉત્તમ, જે ઉપકારી પર ઉપકાર કરે તે મધ્યમ એ ભાવ છે. શાર્ઙ્ગધરમાં કહ્યું છે:

"અપકારી સાથે જે સાધુ સાધુઓ સાધુ તે ગણે
ઉપકારી સાથ સાધુતા સાધુત્વે ગુણ શો રહે?"

જે પોતાના સ્વાર્થ-સ્વપ્રયોજન સિદ્ધ કરવા માટે પરહિતનો નાશ કરે તે દેખીતી રીતે જ મનુષ્યોમાં રાક્ષસો જેવા છે એટલે કે અધમ છે. પરંતુ જે નિરર્થક-કોઈ પણ જાતના કારણ વિના પરહિત-અન્યના હિતોનો નાશ કરે-નુકશાન પહોંચાડે તે કોના જેવા? તેમને કયું નામ આપું? કયા નામે તેમને ઓળખવા? એ અમે જાણતા નથી. એ તો અધમમાં અધમ છે એ અર્થ છે.

કલ્પતરુમાં કહ્યું છે:

પિશુનત્વ જેની વિદ્યા, પરદૂષણ એ જ ભૂષણો જેનાં,
પરદુ:ખ સુખ જેઓનાં, સજર્યા શિવ! શિવ! કેમ વિધે એવાં?

શ્લોકનો છંદ શાર્દૂલવિક્રીડિત છે. તેના લક્ષણ છે મ,સ,જ,સ,ત,ત,ગ વાળા ગણો.

સૂર્યાશ્વૈર્યાદિ મ: સજૌ સતતગા: શાર્દૂલવિક્રીડિતમ્ ।

એક શ્લોકને સમજાવવા માટે બીજા ત્રણ શ્લોક ટાંક્યા અને તે પણ જુદા જુદા ગ્રંથોમાંથી. પાંડુરંગનું વાંચન કેટલું બધું હશે? અને યાદશક્તિ પણ કેવી તીક્ષ્ણ હશે?

●

# (૮)

## વિદાયની વેદના

સને ૧૮૫૭નું વર્ષ.

પરતંત્ર હિંદુસ્તાનને સ્વતંત્ર કરવા માટે લશ્કરી બળવો થયો.

બળવો થયો પણ સફળતા ન મળી.

ત્યાર પછી દેશને આઝાદ કરવાનું બ્યૂગલ ફૂંકાયું.

દેશમાં 'લાલ, બાલ ને પાલ'ની ત્રિપૂટી પ્રખ્યાત થઈ.

આ લાલ, બાલ ને પાલ એટલે કોણ?

લાલ એટલે પંજાબના લાલા લજપતરાય.

બાલ એટલે મહારાષ્ટ્રના બાલ ગંગાધર તિલક અને પાલ એટલે બંગાળના બિપિનચંદ્ર પાલ.

ત્રણે દેશભક્તો, પણ બાલ ગંગાધર તિલક ત્રણેમાં તિલક સમાન શોભે.

મહારાષ્ટ્રના તિલક પ્રત્યે આપણા પાંડુરંગને ખૂબ જ પૂજ્યભાવ.

તિલકને આદર્શ રાજપુરુષ ગણે.

પાંડુરંગના જીવનમાં આદર્શ ઘડવામાં તિલકની અસર હતી.

આ લોકમાન્ય તિલકે સૂત્ર આપ્યું:

"સ્વરાજ એ મારો જન્મસિદ્ધ હક્ક છે અને એ લઈને

જ હું જંપીશ.”

આ બાલ ગંગાધર તિલકે જ મહારાષ્ટ્રમાં ગણેશ ઉત્સવને જાહેર ઉત્સવ બનાવી લોકોમાં સંગઠનની ભાવના જન્માવી.

સાચો ધર્મ જોડે, તોડે નહિ.

સાચો ધર્મ મંડનાત્મક હોય, ખંડનાત્મક નહિ.

આપણા પાંડુરંગને તિલક પ્રત્યે અગાધ પ્રેમ.

સને ૧૮૨૦ની સાલ. ઓગષ્ટ મહિનો.

બાલ ગંગાધર તિલક મૃત્યુ પામ્યા.

પાંડુરંગ ઉપર તો જાણે આભ તૂટી પડ્યું.

મનમાં એક જ વિચાર: ‘તિલક ગયા’.

તિલક મહારાજના મૃત્યુની વેદના ભારે.

મિત્ર અંબાલાલને પત્ર લખ્યો.

એક જ પત્રમાં બે ત્રણ વાક્યો ત્રણ વાર લખ્યા.

વેદના નીચોવતાં એ વાક્યો હતાં:

લોકમાન્ય ગયા અને આપણે પણ જઈશું.

લોકમાન્ય માટે આખું હિંદુસ્તાન રોયું.

દરેક યુવાનને એનો આદર્શ પુરુષ હોવો જોઈએ.

●

# (૯)

## મનમાં વાળી ગાંઠ

આપણા પાંડુરંગ અમદાવાદમાં રહે.
સ્કૂલમાં શિક્ષકની નોકરી કરે.
વિદ્યાર્થીઓને સંસ્કૃત ભણાવે.
જગતમાં રહે પણ જગતના વ્યવહારોથી દૂર રહે.
પાંચ વર્ષની ઉંમરે પિતાનું છત્ર ગુમાવ્યું.
આર્થિક સ્થિતિ સામાન્ય.
માતા અને નાના ભાઈના જીવનની જવાબદારી.
આ બધું કરે પણ મન તો સાધનામાં જ ડૂબેલું રહે.
ભગવાનના દર્શનની જ તાલાવેલી.
આધ્યાત્મિક જીવન જીવવાની તીવ્ર ઈચ્છા.
કુદરતના ખોળે જીવન જીવવાની અદમ્ય ઈચ્છા.
પરંતુ ઘરના સંજોગો કપરાં.
માતા ઈચ્છે કે દીકરાને પરણાવું.
દીકરો ઈચ્છે કે મારે ન પરણવું જોઈએ.
પરણીને, સંસારી બનીને સામાન્ય બનીને જીવવું? કે નહિ પરણીને, ભગવાન પ્રાપ્તિ માટે જીવીને અસામાન્ય બનવું?
શું કરવું? મનમાં ગડમથલ ચાલતી રહી.

૧૯૨૨ની સાલ. એપ્રિલ મહિનો.
સંવત ૧૯૭૮ની ચૈત્ર સુદ છઠ્ઠ.
પાંડુરંગે મનોમન નક્કી કર્યું કે આ જન્મે અવિવાહિત જ રહીશ.
લગ્ન નહિ કરું. લૌકિક સંસાર નહિ માડું.
બસ! કઠણ નિર્ણય લઈ લીધો.
મનમાં ગાંઠ વાળી લીધી.
ન છૂટે એવી ગાંઠ.

•

## (૧૦)

## છીએ તેવા જ દેખાઈએ

આપણા પાંડુરંગ શિક્ષક હતા.
સાદા, સીધા, સરળ અને સત્યના આગ્રહી.
દંભના દુશ્મન.
દંભ એટલે હોઈએ તેના કરતા વધારે સારા દેખાવવાનો પ્રયત્ન કરવો.
દંભ એટલે સારા હોઈએ તેના કરતાં વધુ સારા દેખાવવાનો પ્રયત્ન કરવો.
પાંડુરંગમાં આંતરિક ખુમારી ઘણી.

જેવા છીએ તેવા જ દેખાવવાનો આગ્રહ.
પાંડુરંગ, અંબાલાલ વ્યાસ અને અમૃતલાલ મોદી.
આ ત્રણ મિત્રો. એક જ રૂમમાં રહે.
સ્વરાજ આશ્રમમાં રહે.
આશ્રમનું ખર્ચ કેવી રીતે ઓછું આવે એવા પ્રયત્નો થાય.
બધા છાત્રોની આર્થિક સ્થિતિ સામાન્ય.
ખર્ચ ઘટે એ માટે વિદ્યાર્થીઓની એક ટૂકડી અનાજ સાફ કરે.
બીજી ટૂકડી વાસણ માંજે.
ત્રીજી ટૂકડી રસોઇયાને મદદ કરે.
બધા વિદ્યાર્થી પોતાના ભાગે ઓછો ખર્ચ આવે એવું ઇચ્છે.
ગૃહપતિ સ્વરાજ આશ્રમની દેખરેખ રાખે.
છાત્રોની સંભાળ પણ રાખે.
આચાર્ય ગીદવાણીજી ગૃહપતિ હતા.
સ્વરાજ્ય આશ્રમની પ્રતિષ્ઠા ઘણી.
દેશ પરદેશના મહેમાનો મુલાકાતે આવે.
એક વાર શ્રી જયકરજી અમદાવાદ પધાર્યા.
શ્રી જયકરજી દેશના સુપ્રસિદ્ધ એડવોકેટ.
વિદ્યાપીઠમાં સંગીતને કેવું સ્થાન છે તે જાણવાની ઇચ્છાથી અમદાવાદ પધાર્યા.

સ્વરાજ્ય આશ્રમમાં રહેતાં છાત્રો (વિદ્યાર્થી)ને થયું કે આપણે જયકરજીને આશ્રમમાં બોલાવીએ.

આમંત્રણ અપાયું. આમંત્રણ સ્વીકારાયું.

બધા છાત્રો ખુશ ખુશ થઈ ગયા.

મહેમાનને શું જમાડવું એ પ્રશ્નની ચર્ચા થઇ.

કેટલાક વિદ્યાર્થીઓ દૂધપાક-પૂરી જેવું મિષ્ટાન્ન જમાડવાના મતના હતા.

શ્રી જયકર એ મોટી વ્યક્તિ કહેવાય.

આવી વ્યક્તિ ક્યાં વારે વારે આવવાની છે?

આપણું સારું દેખાવું જોઈએને!

બીજા કેટલાક વિદ્યાર્થીની દલીલ એવી હતી કે આપણે જેવા છીએ તેવા જ દેખાવવું જોઇએ.

આપણે સ્વરાજ્ય આશ્રમમાં રહીએ છીએ.

આશ્રમના પ્રથમ પંક્તિના સિપાઇ છીએ.

આપણે કોઈ દિવસ દૂધપાક-પૂરી ખાતા ન હોઈએ અને સાદું ભોજન કરતા હોઈએ તો એવું સાદું ભોજન જ પીરસાવવું જોઈએ. દંભથી દૂર રહેવું જોઈએ.

આપણા પાંડુરંગ અને એમના બે મિત્રો દંભથી દૂર રહેવાના મતના હતા.

બીજા કેટલાક પણ એમના મતના હતા.

બહુમતિ મિષ્ટાન્ન જમાડવાના પક્ષે હતી તેથી મિષ્ટાન્ન જમાડવાનો નિર્ણય લેવાયો.

લઘુમતિમાં છીએ એટલે ખોટા છીએ એવું કેમ કહેવાય?
શું કરવું? વિરોધ તો દર્શાવવો જ જોઇએ.
સ્વરાજય આશ્રમનું ખરાબ પણ ન દેખાવવું જોઇએ.
'સાપ મરે પણ લાઠી ભાંગે નહિ' એવું કરવું જોઇએ.
મહેમાનોને ખ્યાલ ન આવે એ રીતે લઘુમતિમાં હતા તે પાંચ-સાત વિદ્યાર્થીઓ ચૂપચાપ જતા રહ્યા.
સમગ્ર કાર્યક્રમ આનંદથી પૂરો થયો.
મહેમાનો પણ રાજી થયા અને વિદાય થયા.
વાતાવરણમાં ક્યાંય ખળભળાટ થવા ના દીધો.
બધા શાંતિપૂર્વક સૂઇ ગયા.
આપણા પાંડુરંગનાં મનને શાંતિ મળી.
દંભનો સ્વીકાર ન કર્યો તેનું ગૌરવ અનુભવ્યું.
સાચું કહેવાની હિંમત હોવી જોઇએ.
જેવા હોઇએ તેવા દેખાવવાની નૈતિક તાકાત કેળવવી જોઇએ.
દંભ એ એક પ્રકારનું જૂઠ છે.
સાચો સત્યાગ્રહી એવું જૂઠ ના આચરે.

## (૧૧)

## સાચું કરીએ એમાં શરમ શાની?

પાંડુરંગ સત્યના ખૂબ આગ્રહી.

ખોટું કરે તે શરમાય.

જૂઠું બોલે તે પસ્તાય.

આપણે ગરીબ. આપણો દેશ ગરીબ.

આપણું જીવન સાદું હોય તો તેમાં શરમ શાની?

ન પોષાતું હોય તો સાદું ભોજન કરવાનું.

એમાં નાનમ શાની?

શરમ તો ખોટું કરવામાં લાગવી જોઈએ.

નામોશી તો જૂઠું બોલવામાં લાગવી જોઈએ.

મિષ્ટાન્ન ભોજનનો વિરોધ એ સાચી દિશાનું પગલું હતું.

શ્રી જયકર ગયા.

બીજે દિવસે સવારની પ્રાર્થનામાં બધા ભેગા થયા.

ગૃહપતિ ગીદવાણીજીએ વકતવ્ય આપ્યું.

વિરોધ કરનારાના અસહકાર માટે મીઠો ઠપકો આપવા માંડ્યો.

પરંતુ આપણા પાંડુરંગ શાંત રહે ખરા કે?

ગૃહપતિની આમન્યા રાખીને વિવેકથી દલીલ કરી.

આપણા દેશમાં ચાર કરોડ લોકો એવા છે કે જેને એક વાર પણ પેટ ભરીને ખાવાનું મળતું નથી.

આવી વાતો કરીને આપણે સ્વરાજ મેળવવાની વાતો કરીએ છીએ અને બીજી બાજુ આપણું વર્તન કેવું છે? આપણું ભોજન જોઈને તો લોકોને એમ જ લાગે કે આપણને આવા ઉડાઉ ભોજન સમારંભો પોષાય છે. આ સાચું છે? જો વાસ્તવિકતા જુદી હોય તો પછી આવું ખોટું આચરણ શા માટે?

શું લઘુમતિમાં હોય તેનું કહેવું ખોટું અને બહુમતિમાં હોય તે કહે તે જ સાચું?

વાત વિચારવા જેવી હતી.

અરે, ઘરના સાત માણસો એમ માને કે બાપુજીને મેલેરિયા છે અને ડૉક્ટર એકલો માને કે એમને ટાઈફોઈડ છે તો કોણ સાચું? લઘુમતિમાં રહેલો ડૉક્ટર કે બહુમતિમાં રહેલા ઘરના કુટુંબીજનો?

ગીદવાણીજીએ વાત સાંભળી.

વાત વિચારવા જેવી તો હતી જ.

એમનું જીવન તો વળી એકદમ સાદું અને બિલકુલ ખર્ચાળ ન હતું.

એમના મનમાં પણ થયું કે પાંડુરંગની વાત સમજવા જેવી છે. સાચા દેખાવવામાં શરમ શાની?

સાચું કરવામાં નાનમ શાની?

●

## (૧૨)

# ગાંધીજીના અભિનંદન

શ્રી જયકર આવીને ગયા પણ જમવાના પ્રશ્ને છાત્રો વિચાર કરતા થઈ ગયા.

પાંડુરંગનું મનોબળ દૃઢ.

આંતરિક તાકાત ખૂબ.

છીએ તેવા જ દેખાઈએ એમાં શરમ શાની?

ખોટું કરીએ, કોઈને છેતરીએ કે જૂઠું બોલીએ તો એમાં શરમ આવવી જોઈએ.

પ્રસંગ પૂરો થયો પણ વાતાવરણમાં ચણભણ તો ચાલુ જ હતી.

આજ અરસામાં પૂ.ગાંધીજી સ્વરાજ આશ્રમમાં આવ્યા.

ચાર દિવસનો મુકામ.

છાત્રો સાથે દિવસો ગાળવાના હતા.

બધા સમૂહમાં બેસે.

ચર્ચા કરે અને પૂછવું હોય તે પ્રશ્ન પૂછે.

એક દિવસ બધા સાથે બેઠા હતા. વાતો ચાલતી હતી.

એક ભાઈએ પૂ.ગાંધીજીને જયકર સાહેબ પધારેલા ત્યારે કેટલાક વિદ્યાર્થીઓના વિરોધી વલણની વાત કરી.

વાત તો કરી પણ પછી પૂછ્યું કે આ બે વિચારોમાં કયો વિચાર સાચો હતો?

પૂ.ગાંધીજી હસ્યા અને પછી ગંભીર બન્યા.

એમણે ગંભીરતાપૂર્વક કહ્યું કે અત્યારે આપણા દેશની સ્થિતિ કેવી છે?

આ ગરીબ દેશમાં એક પાઈનો પણ બીનજરૂરી ખર્ચ કરવાનો આપણને અધિકાર નથી.

રાષ્ટ્રીય સંપત્તિનો કરકસરથી અને કાર્યક્ષમતાથી ઉપયોગ કરીશું તો જ દેશની ગરીબાઈ દૂર કરવામાં કાંઈ સફળતા મળશે.

પૂ.ગાંધીજીએ લઘુમતિના વિચારને સાચો ઠેરવ્યો.

પૂ.ગાંધીજીએ પાંચ-સાત વિદ્યાર્થીના વર્તનને બિરદાવ્યું અને અભિનંદન આપ્યા.

આપણા પાંડુરંગ અને એમના બે મિત્રો શ્રી અંબાલાલ અને અમૃતલાલ રાજી રાજી થયા.

સૌને સાચું કર્યાનો સંતોષ થયો.

સાચું વિચારવું અને સાચું વર્તન કરવું એ હિંમત માગે છે.

અને એક વાર હિંમત બતાવીએ તો પછી ભગવાન તો પડખે મદદ કરવા ઊભો જ છે.

**હિંમતે મર્દા, તો મદદે ખુદા.**

●

# (૧૩)

## ❂ સ્વાર્થી શ્રીમંતાઈ ન ગમે ❂

પાંડુરંગે પાંચ વર્ષની ઉંમરે પિતા ગુમાવ્યા.

આર્થિક સ્થિતિ સામાન્ય.

માતાએ મહેતન કરીને, દુ:ખ વેઠીને બંને બાળકોને મોટાં કર્યાં.

ગરીબ પ્રત્યેનું શ્રીમંતોનું વલણ કઠોર.

શ્રીમંત પૈસાના જોરે બધાને નમાવે.

લોકો પણ પૈસાની લાલચે શ્રીમંતોની 'હાજી હા' કરે.

પાંડુરંગની વિચારધારા જુદા પ્રકારની.

પૈસાના જોરે બધા કામો થાય એવું પાંડુરંગ માને નહિ.

એમણે બાલબોધિનીમાં લખ્યું:

"સર્વે ગુણા: કાંચનમાશ્રયન્તે" એમ મૂર્ખાઓ કહે છે.

"સર્વે ગુણા: શીલમ્ આશ્રયન્તે" એમ ડાહ્યા માણસ કહે છે.

શ્રીમંતોની સ્વાર્થભરી અને ગરજાળ વૃત્તિ એમણે જોઈ હતી.

તમારી ગરજ હોય ત્યાં સુધી શ્રીમંત તમારી પાછળ પાછળ ફરે અને ગરજ પતે એટલે તમે કોણ અને અમે કોણ એ રીતે વર્તે.

અસંસ્કારી શ્રીમંતોના ગુમાનીભર્યા વલણની ટીકા કરતાં એમણે એમના મિત્ર અમૃતલાલ મોદીને પત્રમાં જણાવ્યું કે:

"ગઈ કાલે વાંચ્યું કે જામસાહેબની સિંહણને સાપ કરડવાથી તે મરણ પામી. તેથી તેના બચ્ચાંએ બકરીને ધાવવું પડે છે. અપવાદ ભલે હોય પણ સિદ્ધાંત ચોક્કસ છે કે જ્યારે સિંહણના બચ્ચાંને પણ શ્રીમંતની સોબતને લીધે માને મૂકી બકરીને ધાવવું પડે છે ત્યારે બીજાની શી કથા?"

જો સિંહણ જંગલમાં હોત અને મરી ગઈ હોત તો?

એના બચ્ચાને ધાવવા માટે બીજી સિંહણ મળી હોત.

શ્રીમંતની સોબત કરી તો શું પરિણામ આવ્યું?

પાંડુરંગને શ્રીમંતો પ્રત્યે અણગમો ન હતો.

એને અણગમો હતો શ્રીમંતોની સ્વાર્થભરી અને ગુમાનભરી જીવનઢબનો.

ગરજ હોય ત્યાં સુધી પાછળ પાછળ ફરવું.

ગરજ મટી જાય એટલે એને કોણ ઓળખે છે?

પૈસાના જોરે નમે એ પાંડુરંગ નહિ.

•

(૧૪)

## સંસ્કારી શ્રીમંતાઇ

પાંડુરંગને શ્રીમંતાઇ આકર્ષી શકે નહિ.
પાંડુરંગને સંસ્કારિતા આકર્ષી શકે.
ગીતા જેને 'શૂચિનાં શ્રીમતાં' કહે છે એવા પવિત્ર-સંસ્કારી શ્રીમંતો ગમે.
શ્રીમંત હોય પણ સાથે સાથે પવિત્રતા હોય, સંસ્કારીતા હોય, વિદ્વત્તા હોય તો તેની સામે પાંડુરંગનું માથું નમે.
આવી ખુમારી બધામાં હોવી જોઇએ.
પૈસા માટે સ્વમાન જતું કરાય નહિ.
અંબાલાલ સારાભાઇ એક અતિ શ્રીમંત સજ્જન.
સરલાદેવી એમના પત્ની.
દેશની સ્વતંત્રતા માટે પૈસા વાપરે.
શ્રીમંતાઇ છલોછલ છતાં સંસ્કારિતા ભારોભાર.
એટલે પાંડુરંગનું મન ત્યાં ઠરે.
પોતાના મિત્ર અંબાલાલને લખેલા પત્રમાં લખ્યું:
"શ્રીમતી સરલાદેવી પોતાના જીવનનું પાવિત્ર્ય ગોધરાની પ્રજામાં રેડવા પોતાના પતિદેવ સાથે અહીં પધારે છે. પ્રકૃતિ અને પુરુષનું ઐક્ય થતાં શું નહીં થાય? આવા આદર્શ દંપતી હિંદમાં સર્વત્ર હોય તો?"

પાંડુરંગ આદર્શવાદી શિક્ષક.
જીવનનાં મૂલ્યો સાચવીને જીવતો શ્રીમંત એમને ગમે.
મૂલ્યહીન જીવન જીવતો શ્રીમંત ના ગમે.
જીવનમાં મૂલ્યો ન હોય તો ધનનું મૂલ્ય શું?
સંસ્કારથી વીંટળાયેલી શ્રીમંતાઈને વંદન હજો.

•

## (૧૫)

## જીવન-મૂલ્યોનું જતન

સત્ય બોલવું, અહિંસા પાળવી, ચોરી ન કરવી, બિનજરૂરી સંગ્રહ ન કરવો, પ્રાણી માત્ર ઉપર પ્રેમભાવ રાખવો, કોઈને વાણીથી કે કાયાથી દુઃખ ન દેવું એ બધાં જીવન-મૂલ્યો છે.
પૈસાનું મહત્ત્વ છે પણ ગમે તે રીતે એ મેળવવો ન જોઈએ એમ પાંડુરંગ માને.
પાંડુરંગે મનમાં પાકી ગાંઠ વાળેલી:
નીતિથી પૈસો કમાવવો અને નીતિથી ખર્ચવો.
શ્રીમંતાઈના જોરે કોઈ નમાવે તો પાંડુરંગ નમે નહિ.
સંસ્કારી શ્રીમંતો પ્રત્યે ઊંચો આદર રાખે.
ખુમારી અને તેજસ્વીતા ભારે.

સાચું કહેતા અચકાય નહિ.
વિવેકથી કહે, સામાને ખરાબ ન લાગે એ રીતે કહે.
એક દિવસની વાત છે.
અનસૂયાબહેન બહારગામ હતાં.
એમના નાના બહેન નિર્મળાબહેનને સંસ્કૃત ભણવાની ઈચ્છા હતી.
પાંડુરંગ મળવા ગયા.
અધ્યાત્મ શાસ્ત્ર-ધર્મગ્રંથો ભણાવવાની વાત કરી.
પાંડુરંગે હા કહી.
શ્રીમંત વાતાવરણમાં ઉછરેલા નિર્મળાબહેનથી છેલ્લે પૂછાઈ ગયું: 'આપની ફી શું?' 'આપ શો પગાર લેશો?'
પાંડુરંગ છંછેડાયા. એમને બહુ ખરાબ લાગ્યું.
એમણે કહ્યું: શું બ્રહ્મવિદ્યાનું મૂલ્ય મૂકવાનું છે?
અને કડવું સત્ય કહ્યું: જો પૈસાથી બ્રહ્મવિદ્યા મળતી હોત તો કોઈ શ્રીમંત બબૂચક રહેત નહિ.
બધા જ શ્રીમંતો બ્રહ્મવિદ્ થઈ બેઠા હોત!
પાંડુરંગ તો આમ બોલીને જવા લાગ્યા.
નિર્મળાબહેન શરમાઈ ગયા.
પોતાની ભૂલ સમજાઈ ગઈ.
વિનમ્રભાવે કહ્યું કે માસ્તર! આ રૂપિયો લો અને ગાડીવાળાને આપજો.

ઘેર ગાડીમાં જજો.
પાંડુરંગે તરત કહ્યું કે તમે જાતે ગાડીવાળાને આપો.
હું હાથમાં રૂપિયો નહિ પકડું.
"પણ તમને ગાડીવાળો પછી રસ્તે ઉતારી પાડશે તો?"
નિર્મળાબહેને શંકા કરી.
પાંડુરંગે કહ્યું કે હું ફરિયાદ કરવા નહિ આવું.
જયાં ઉતારશે ત્યાંથી ચાલતો જતો રહીશ.
નિર્મળાબહેન વિચારમાં પડી ગયાં.
એવામાં પાંડુરંગે કહ્યું કે હું તો ફરિયાદ કરવા નહિ આવું પણ ગાડીવાળો તમારી પાસે ફરિયાદ કરે કે મેં રૂપિયો નહિ પણ દસ આના જ આપ્યા હતા તો તમે એનું જ સાચું માનશો.
નિર્મળાબહેને હસતાં હસતાં કહ્યું કે, 'તમે શું અમને કાચા કાનના માનો છો?'
પાંડુરંગે સ્પષ્ટ ભાષામાં કહ્યું: 'હા, કાનના કાચા'.
પાંડુરંગની ખુમારી, તેજસ્વિતા અને નૈતિક હિંમત પાછળ ભગવાનમાં અતૂટ શ્રદ્ધા અને ગુરુ મહારાજ પરનો અડગ વિશ્વાસ હતો.
જીવન મૂલ્યોના ભોગે કશું જ નહિ.
જીવન મૂલ્યોનું જતન એ જ પાંડુરંગના જીવનનું અમૂલ્ય રતન.

●

(૧૬)

## ભક્તની ફિકરમાં ફરે ભગવાન

સ્કૂલના સંચાલકોની દુર્વૃતિ જોઈને પાંડુરંગે શાળા છોડી. રામ ભરોસે ઘેર બેઠા.

ભગવાનમાં શ્રદ્ધા અને સાચું કરવાની તમન્ના.

વિચારીને પગલું ભરીએ પછી સહન કરવાની તૈયારી રાખવી પડે.

કાંકરિયાની ગુફામાં રહેવા જવાનું નક્કિ કર્યું.

ઘરે જમવા જાય એટલું જ. બાકીનો સમય ગુફામાં-સાધના કરવામાં જાય.

ભગવાન કસોટી કરે પણ પાછી કરુણા પણ કરે.

માટલું બનાવતી વખતે કુંભાર એક હાથ અંદર રાખી માટલાનું રક્ષણ કરે પણ બીજા હાથે ઉપરના ભાગે ટપલા મારીને ઘડો ઘડે.

ભગવાને પ્રેરણા કરી એટલે એક ભાઈએ પાંડુરંગની જમવાની વ્યવસ્થા કરી. જમવા માટેનો પ્રેમ અને આગ્રહ જોઈ ભગવાનની કરુણાની ખાતરી થાય.

જે ભગવાનના ભરોસે જગમાં જીવે તેનું જીવન જગજીવન (પ્રભુ) સંભાળે.

ઘરમાં માતુશ્રીની તબિયત અસ્વસ્થ હતી.

ઉધરસ, કફ અને તાવ ત્રણેએ એકી સાથે હુમલો કર્યો. એક વ્યક્તિએ વાત વાતમાં છ ગોળી આપી અને માતુશ્રી એકદમ સાજા-નરવા થઈ ગયાં.
પાંડુરંગે હવે એકાંતમાં સાધના કરવાનું વિચાર્યું.
ઘરને છોડવું એટલે માતાને છોડવી.
ગરીબી અને વૈધવ્યના દુ:ખમાં જીવન વિતાવનાર 'મા' ઉપર આ નવી આપત્તિ હતી.
'મા'નું સમાધાન કરીને કાંઈ રસ્તો વિચારવો રહ્યો.

●

## (૧૭)

## ગીતાનો મર્મ

ગીતા એટલે શ્રીમદ્ ભગવદ્ ગીતા.
ભગવાન શ્રીકૃષ્ણના શ્રીમુખની વાણી.
કુરુક્ષેત્રના મેદાનમાં ભગવાન કૃષ્ણ અને અર્જુન વચ્ચેનો સંવાદ એટલે શ્રીમદ્ ભગવદ્ ગીતા.
હિંદુધર્મનો અલૌકિક ગ્રંથ.
વિશ્વભરમાં પ્રખ્યાતી પામેલો ગ્રંથ.
પાંડુરંગે ગીતાનું ઊંડુ અધ્યયન કરેલું.
જ્ઞાનેશ્વરી, શંકરાનંદી, ચિદ્‌ઘનાનંદની ગીતા વાંચેલી.

વિશાળ વાંચન અને ઊંડુ ચિંતન.

યાદશક્તિ પણ ખૂબ તીવ્ર.

શાળાની નોકરી છોડ્યા પછી અનસૂયાબહેનને અને શંકરલાલ બેંકરને આપણા શાસ્ત્રોનાં હાર્દ સમજાવે.

એક દિવસની વાત છે.

શંકરલાલે પૂછ્યું: "અરે માસ્તર! તમે એની બેસન્ટની ગીતા જોઈ છે?"

પાંડુરંગે કહ્યું કે, 'નથી જોઈ'. પરંતુ તરત પૂછ્યું કે, 'એમાં કોઈ વિશેષતા છે કે?'

બેંકર બોલ્યા કે એનું અંગ્રેજી ખૂબ સારું છે.

પાંડુરંગે કહ્યું: 'અંગ્રેજી સારું છે માટે ગીતા સારી છે એમ કેમ કહેવાય? છતાં લાવો ગીતા જોઉં તો ખરો.'

તરત શંકરલાલે એની બેસન્ટની ગીતા હાથમાં મૂકી પાંડુરંગે ગુરુ મહારાજનું સ્મરણ કર્યું.

સ્મરણ કરીને ગીતા ખોલી તો અગિયારમા અધ્યાયનો બત્રીસમો શ્લોક જ નીકળ્યો.

પાંડુરંગે ક્ષણવારમાં શંકરલાલને કહ્યું કે જુઓ! આ ભાષાંતર કરનાર વિદેશી બાઈ શ્લોકને સમજી શક્યાં નથી.

શ્લોકનું હાર્દ પકડી શક્યાં નથી.

જો શ્લોકનું હાર્દ ન પકડી શકે તો પછી ભાષાંતરમાં પ્રાણ (Force)-જોશ ક્યાંથી લાવી શકે?

શંકરલાલ તો આભા જ બની ગયા.

પાંડુરંગ બોલ્યા કે શ્લોકમાં ઋતેડપિ શબ્દનું ભાષાંતર એની બેસન્ટે Without thee કર્યું છે તે બરાબર નથી.

ભગવાન અર્જુનને એમ કહેવા માંગે છે કે આ બધા યોદ્ધાઓ હણાયલા જ છે.

એને મારનારી તો કોઇ અચિંત્ય શક્તિ છે.

તારે તો અર્જુન નિમિત્ત જ બનવાનું છે.

એની બેસન્ટના ભાષાંતરનો અર્થ જુદો થાય છે.

Without thee નો અર્થ એવો થાય છે કે અર્જુન! તારા સિવાય બધા હણાયલા છે.

વાંચનાર એમ સમજે કે બધા ખલાસ થઈ ગયા પણ અર્જુન તું બચી ગયો છે એવું એની બેસન્ટ કહેવા માંગે છે.

Without thee ને બદલે Inspite Of Yourself કે એવું કંઇક હોય તો શોભે.

પાંડુરંગે કેવળ ભૂલ તરફ ધ્યાન નથી દોર્યું પણ શું હોવું જોઇએ તે પણ સૂચવ્યું.

પાંડુરંગની આવી ઊંડી સૂઝ સમજ હતી.

આવી સૂક્ષ્મ બુદ્ધિ હતી.

●

# (૧૮)

## મન તડપત હરિદર્શનકો

પાંડુરંગ કોલેજમાં ભણતા હતા ત્યારથી જ સાધનાના પંથે હતા.

સ્કૂલમાં શિક્ષક તરીકે નોકરી કરતા હતા ત્યારે આ સાધના વધુને વધુ તીવ્ર બનતી જતી હતી.

૧૯૨૫ની સાલ.

આ વર્ષ પાંડુરંગ માટે નિર્ણાયક વર્ષ બનવાનું હતું.

કાકાસાહેબ કાલેલકરે એમને વિદ્યાપીઠમાં રોકવા હતા.

પાંડુરંગે વિદ્યાપીઠમાં રહેવું ન હતું.

મનમાં હરિદર્શનની તડપન હતી.

અંતઃકરણ રડ્યા કરે. ઊંઘ પણ ઓછી થઇ.

મન અસ્વસ્થ.

પરંતુ આ અસ્વસ્થતામાં દુઃખ નહિ પણ સુખની લાગણી હતી. આનંદકારી અસ્વસ્થતા હતી.

માથાનો અસહ્ય દુઃખાવો કેમ દૂર થાય?

માથે બરફ ઘસ્યો- દુઃખાવો ના ગયો.

માથે તેલ ઘસ્યું- દુઃખાવો ઓછો ના થયો.

પાંડુરંગને ખ્યાલ તો આવી ગયો કે આ દુઃખાવો જુદા પ્રકારનો છે.

યોગમાર્ગમાં પ્રાણ મસ્તકમાં ઉર્ધ્વગતિએ ચઢે ત્યારે આવો દુ:ખાવો થતો હોય છે.
બસ! હરિદર્શનની તાલાવેલી અને તડપન શાંત કરવા સંતોનું માર્ગદર્શન અને આશીર્વાદ મેળવવાનું જરૂરી લાગ્યું.
અને પાંડુરંગ ઉપડ્યા એવા સંતોની શોધમાં.

•

## (૧૯)

## હરિનો મારગ છે શૂરાનો

પાંડુરંગ પ્રભુના દર્શન માટેની અંતિમ તૈયારી કરવા લાગ્યા.
ક્યાં જઉં? ક્યાં જઈને તપશ્ચર્યા કરું?
શું કરું તો ભગવાનના દર્શન થાય?
પાંડુરંગને સંતોનું મોસાળ ગણાતો હિમાલય યાદ આવ્યો.
પણ ભગવાનની ઈચ્છા જુદી હતી.
એમના કાને સાંઈખેડાના સિદ્ધપુરુષ દાદા ધૂનીવાલાનું નામ પડ્યું.
આ સંત એ સાક્ષાત્કારી સંત હતા.
એમની પાસે સતત ધૂણી સળગ્યા કરતી.

ભક્તો આવીને જે કાંઇ આપે તે બધું ધૂણીમાં નાંખી દે.
પરંતુ ચમત્કાર એવો કરે કે જોનારો દંગ થઇ જાય.
આપણા પાંડુરંગ નીકળ્યા દાદાના દર્શને.
આશીર્વાદ લેવા અને બને તો એમની પાસે રહી સાધના કરવા.
પાંડુરંગ તો ઝાલોદથી નીકળી દાહોદ ગયા.
ત્યાંથી ગયા ગાડરવાડા.
ગાડરવાડથી સાંઇખેડા સો માઇલ(૧૫૦ કિ.મી.) દૂર.
મોટરમાં જવાય પણ પાસે પૈસા નહિ.
પાંડુરંગ તો પગે ચાલીને પહોંચ્યા સાંઇખેડા.
અહીં તો ભક્તોનો જબરો મેળો જામેલો.
દુ:ખિયારા અને ધન મેળવવાની ઇચ્છાવાળા તો આવું સ્થળ શોધતાં જ ફરતા હોય.
આપણા પાંડુરંગ તો જિજ્ઞાસા સંતોષવા ગયેલા.
સંત માટે કેરી લઇને ગયા.
આ સંતનું વર્તન ભારે વિચિત્ર.
કોઇને આશ્ચર્ય થાય તો કોઇને દુ:ખ.
ભક્તો જે કાંઇ ચરણમાં મૂકે તે ધૂણીમાં નાંખી દે.
આપણા પાંડુરંગ તો કેરી લઇને પહોંચ્યા.
અને જે બન્યું તેનાથી પ્રસન્ન થઇ ગયા.
એવું શું બન્યું?

●

(૨૦)

## સંતકૃપાની વર્ષા

જ્યારે ભગવાન અનુકૂળ હોય ત્યારે બધું જ અનુકૂળ થઇ જાય.

'અનુકૂલે જગન્નાથે સાનુકૂલં જગત્રયં ।'

રાત્રે પાંડુરંગ પહોંચ્યા ધૂનીવાલા દાદા પાસે.

હાથમાં દાદા માટે લીધેલી કેરી છે.

દાદાનું વર્તન વિચિત્ર એટલે પાંડુરંગ ચિંતા કરે.

દાદા મારી કેરી ખાશે કે નહિ? ધૂણીમાં તો નહિ નાંખી દે ને!

પાંડુરંગ તો ધીમે પગલે પહોંચ્યા દાદા પાસે.

અંતરનો ભાવ ઊંચો.

સંત પ્રત્યેની શ્રદ્ધા ઊંડી.

પાંડુરંગે દાદાના ચરણમાં કેરી મૂકવાનું વિચાર્યું.

પાંડુરંગ દાદા પાસે જઇ પગમાં કેરી મૂકે તે પહેલાં જ દાદાએ જાતે પોતાના હાથે ઝડપ મારી.

ઝડપ મારીને કેરી લઇ લીધી.

કેરી લઇને સીધી જ ખાવા માંડી.

કેરી ખૂબ મીઠી હોય તેમ પ્રેમથી કેરી ખાવા લાગ્યા.

પાંડુરંગ ભાવવિભોર થઇ ગયા.

એમને આનંદ આનંદ થઈ ગયો.
સંતની કૃપા વરસી ગઈ એવો ભાવ જાગ્યો.

•

## (૨૧)

## નર્મદા કિનારે જવાનો આદેશ

પૂ.ધૂનીવાળા દાદાએ કેરી ખાધી તેનો પાંડુરંગને ખૂબ આનંદ થયો.
દાદા પાસે જવાની હિંમત આવી ગઈ.
દાદાને પાછા મળવાની તમન્ના જાગી.
બપોરનો સમય છે.
પરંતુ દાદા તો એમની ધૂનમાં હતા.
પાસે એક ગાય ઊભી હતી.
ઊભી ઊભી કંઈક ખાતી હતી.
દાદાએ તો એક જાડી લાકડી લીધી અને બેઠા બેઠા ગાયને મારવા માંડી.
પાંડુરંગ તો આભા બની ગયા.
પાંડુરંગને ગાયની દયા આવી ગઈ.
અરે! આ ગાય કંઈ તોફાન તો કરતી નથી.
તો પછી આમ મારવાની જરૂર શી?

નિર્દોષ ઢોર પર આવો ત્રાસ?
પરંતુ પાંડુરંગને બીજી નવાઈ એ લાગી કે આટલું મારવા છતાં ગાય જરા પણ ખસતી કેમ નથી?
ગાય તો મોજમસ્તીથી ખાયા જ કરે છે.
આ ગાયને વાગતું નહિ હોય?
આ ગાય તો જાણે દાદા પંપાળતા હોય એવી રીતે ઊભી ઊભી ખાય છે.
પાંડુરંગ વિચારે ચઢ્યા ત્યાં દાદા બોલ્યા:
"હિમાલય જવા નીકળ્યો છે પણ એનું કામ ત્યાં થવાનું નથી. એણે પાછા જવું. નર્મદા કિનારે એણે રહેવાનું છે."
દાદા કોને કહેતા હતા તે ખબર ન પડી?
મનમાં થયું કે મને તો નહિ કે'તા હોય?
બસ! પાંડુરંગ વિચારતા વિચારતા જતા રહ્યા.
દાદા પાસે બેસીને વાત થાય તો કેવું સરસ!
પણ વાત થાય કેવી રીતે? પાસે બેસાય ક્યારે?
બસ! પાંડુરંગ આ કોયડાનો ઉકેલ શોધવા લાગ્યા.

•

# (૨૨)

## કોયડાનો ઉકેલ

પાંડુરંગને હવે વિશ્વાસ આવી ગયો.
કોઈ પણ રીતે દાદા પાસે બેસવું.
ગમે તે રીતે દાદા સાથે વાતો કરવી.
દાદાને સીધું જ પૂછી લેવું કે અનુષ્ઠાન ક્યાં કરું?
પણ આ ભક્તોના મેળામાં પત્તો ખાય કેવી રીતે?
પાંડુરંગે તપાસ કરી તો જાણવા મળ્યું કે મધરાતે દાદા એકલા હોય છે.
દાદા એકલા હોય ત્યારે મળીએ.
મળીએ અને દિલ ખોલીને વાતો કરીએ.
પાંડુરંગે મધરાતનો સમય સાધ્યો.
પાંડુરંગની સાથે એક શીખ ભક્ત જોડાયો.
પાંડુરંગે એને ચેતવ્યો કે કશું બોલીશ નહિ.
એ બોલે તે સાંભળજે અને કહે તેમ કરજે.
સંત કહે તેમ કરવામાં કલ્યાણ રહેલું હોય છે.
બંને જણા ગયા દાદા પાસે. પાસે જઈને બેઠા.
શીખને ચેતવ્યો હતો તો પણ બેસતાની વારમાં જ એની રેકર્ડ શરૂ કરી દીધી.
દાદાએ એના દુ:ખના ઉપાયરૂપે છ મહિના રહી જવા કહ્યું.

શીખ તો રડતો જાય અને પોતાના દુ:ખનું ગાણું ગાતો જાય.

દાદા કહે: 'તીન મહિના ઠહર જા'.

પછી તો એક મહિનો રહી જા એમ કહ્યું.

શીખ રડતો જાય અને દાદા દિવસો ઘટાડતા જાય.

શીખ તો દાદાની વાત સ્વીકારે જ નહિ.

છેવટે દાદા ઉગ્ર થઇ ગયા.

પણ ઉગ્ર થઇને એમણે કૃપા જ કરી.

બે-પાંચ વાર એના હાથ પર લાકડી ઠોકી અને કહ્યું કે 'જતો રહે'.

શીખ જવા માટે ઊભો થયો.

પાંડુરંગને થયું કે અમે બે સાથે આવ્યા હતા તો સાથે જ જવાનું હશે ને!

પાંડુરંગ જવા માટે ઊભા થયા એટલે દાદા બોલ્યા: 'તું કહાં જાતા હૈ! બૈઠ, બૈઠ.'

પાંડુરંગ તો બેઠા ખરા પણ થોડી વાર પછી પાછા ઊભા થવા ગયા તો દાદાએ 'બૈઠ જા'ની આજ્ઞા ફરમાવી.

બે ત્રણ વાર 'બૈઠ જા'ની આજ્ઞા થઇ એટલે પાંડુરંગને હિંમત આવી ગઇ.

હિંમત એકઠી કરીને પૂછ્યું કે આપના પગ ઉપર માથું મૂકું?

દાદા બોલ્યા: "હાં, હાં! રખ, રખ".

વિવેકી પાંડુરંગે ચરણમાં માથું મૂક્યું અને પગ પકડ્યા ત્યાં તો....

ત્યાં તો દાદાએ એમના વાંસા ઉપર પ્રેમથી હાથ ફેરવવા માંડ્યો.

પાંડુરંગના હૈયામાં આનંદનો સાગર ઉછળવા લાગ્યો.

દાદાની બીક જતી રહી.

દાદા પાસે બેઠા અને પૂછ્યું કે આપની પાસે રહીને એક અનુષ્ઠાન કરવું છે.

દત્તપુરાણના ૧૦૮ પારાયણનું અનુષ્ઠાન દાદાની પાસે થાય તો કેવું સરસ!

પરંતુ દાદાએ એમને સમજ પાડી.

દાદાએ કહ્યું તારું અનુષ્ઠાન અહીં નથી થવાનું.

અને છેલ્લે બોલ્યા:

'વાપિસ જા! વાપિસ જા! જંગલમેં મંગલ જંગલમેં મંગલ'

એમ અનેકવાર બોલતા રહ્યા.

પાંડુરંગ ફરી પાછા પગે પડીને ઊભા થયા.

સંતના આશીર્વાદ મળી ગયા એવું અનુભવ્યું અને ત્યાંજ મનમાં ઝબકારો થયો કે બપોરે જે કહેતા હતા કે "હિમાલય જાનેવાલા આયા હૈ-નર્મદા કિનારે જાનેકા હૈ" તે મને ઉદ્દેશીને જ કહેતા હતા અને મને જ નર્મદા કિનારે અનુષ્ઠાન કરવાનો આદેશ કર્યો છે.

બપોરે દાદા જે બોલેલા તે સમજાયલું નહિ.
બપોરે જે કોયડારૂપ જણાયેલું તે કોયડાનો ઉકેલ મધરાતે મળી ગયો.
પાંડુરંગને લાગ્યું કે 'મા નર્મદા' મને સાદ પાડે છે.

•

## (૨૩)

## મોરટક્કાનો ધરમધક્કો

પાંડુરંગને દાદાના આશીર્વાદ મળ્યા.
પાંડુરંગને દાદાએ આદેશ કર્યો કે નર્મદા કિનારે જા.
પાંડુરંગની દાદા પાસે અનુષ્ઠાન કરવાની ઈચ્છા ફળી નહિ.
હવે શું કરીશું?
પાંડુરંગને એક બીજા સંતનું સ્મરણ થયું.
એ સંતનું નામ શ્રી ચંદ્રશેખરાનંદ સરસ્વતી.
દિગંબર (નગ્ન) અવસ્થામાં રહેતા.
શરીર ઉપર લંગોટી સરખી પણ પહેરતા નહિ.
નર્મદા કિનારે નિમાડ જિલ્લો છે.
આ નિમાડ જિલ્લામાં મોરટક્કા નામનું ગામ છે.
આ ગામના પૂલ પાસે એક નાની ગૂફા.

આ ગૂફામાં ચંદ્રશેખરાનંદજી રહેતા હતા.
પાંડુરંગને થયું કે મોરટક્કા જઈએ અને આ સંતના સાંનિધ્યમાં અનુષ્ઠાન કરીએ.
પણ મોરટક્કા જવું કેવી રીતે? પાસે પૈસા તો મળે નહિ.
જે શીખ સાથે ઓળખાણ થયેલી તે શીખને ઘડિયાળ વેચી દીધું.
રૂ. વીસની ઘડિયાળના શીખે રૂ. દસ આપ્યા.
એ દસ રૂપિયાની મદદથી મોરટક્કા પહોંચ્યા.
મોરટક્કા તો પહોંચ્યા પણ સ્વામીજી ન હતા.
સ્વામીજી ઇંદોર પધાર્યા હતા.
એમને સંદેશો મોકલ્યો.
સંદેશામાં લખ્યું કે હું વળામે આપના આશ્રમે આવ્યો છું અને આઠ દશ મહિના અનુષ્ઠાન માટે આશ્રમમાં રહેવાની મારી ઈચ્છા છે.
આપ આજ્ઞા (રજા) આપો એવી વિનમ્ર પ્રાર્થના.
સ્વામીજીનો તરત જ જવાબ આવ્યો.
એમણે લખ્યું: "હું કારતક મહિનામાં સમાધિ લેવાનો છું. તારું કામ અહીં નહિ થાય. પાછો જા."
ભગવાનની ઈચ્છા સ્વીકારી.
પાંડુરંગ નિરાશ તો થયા જ પણ મોરટક્કા આવ્યાનો લાભ એ થયો કે માથાનો દુ:ખાવો જતો રહ્યો.

આ સ્વામીજી મૂળ આપણા ગુજરાતના.
ગાંધીનગર પાસેના રાંધેજાના વતની.
સ્વામીજીની આજ્ઞા સ્વીકારી અને મોરટક્કા છોડ્યું.
પાંડુરંગને બે સૂત્રો મળ્યા:
આપણું ધાર્યું થાય તો હરિકૃપા.
આપણું ધાર્યું ન થાય તો હરિ-ઈચ્છા.
પરિસ્થિતિને સમજે અને સ્વીકારે તે ડાહ્યો.

•

## (૨૪)

## નિર્ણયની ઘડી

શીખને ઘડિયાળ વેચી મોરટક્કા ગયા.
ત્યાં અઠવાડિયું રહ્યા પણ ઈચ્છા અધૂરી રહી.
અમૃતલાલ મોદીને પત્ર લખીને દસ રૂપિયા મંગાવ્યા હતાં.
દસ રૂપિયાનું મનીઓર્ડર આવ્યું.
દસ રૂપિયાની મદદથી પાછા વડોદરા આવ્યા.
વડોદરામાં ભગવાન નામે સંતને પાછા મળ્યા.
વડોદરામાં લંગડે સ્વામીને મળવાની સૂચના મળી.
આ લંગડે સ્વામીનું મૂળ નામ 'મોરેશ્વર'.

મૂળ મહારાષ્ટ્રના.
સંન્યસ્ત લીધો પછીનું નામ 'બાલાનંદ'.
સિનોરમાં એક સિદ્ધપુરુષ રહે.
એમનું નામ સચ્ચિદાનંદ સરસ્વતી.
સાક્ષાત્કારી પુરુષ.
આ બાલાનંદે સચ્ચિદાનંદ સરસ્વતીને ગુરુ કરેલા.
યોગમાર્ગમાં બાલાનંદજીની કોઇ ભૂલ થઇ ગઇ.
એના પરિણામે લંગડા થયા.
યોગમાં ભૂલ થાય તો રોગ થાય.
આ બાલાનંદજીને પછી લોકો લંગડા સ્વામી તરીકે ઓળખવા લાગ્યા.
લંગડે સ્વામી વડોદરામાં જ બિરાજતા હતા.
સ્વામીનો સ્વભાવ અતિ ઉગ્ર.
એકદમ મળવા જવાય નહિ.
એમના પરમ ભક્તની સાથે જઇ શકાય.
પાંડુરંગને એમના એક પરમ ભક્તનું સ્મરણ થયું.
આ ભક્ત શિક્ષક હતા.
પાંડુરંગે એકદમ ઝડપથી એમને શોધી કાઢ્યા.
'લંગડે સ્વામીને મળવું છે' પાંડુરંગ બોલ્યા.
શિક્ષકે કહ્યું: "સ્વામી હમણાં તો વાત પણ નહિ કરે. સ્વભાવે અતિ ઉગ્ર છે. મારે નોકરી પર જવાનું છે.

બીજી વાર આવજો."
પણ પાંડુરંગે તો હાલને હાલ જ મળવું હતું.
બીજી વાર એટલે ક્યારે?
'કાલનું કામ આજે કરો અને આજનું કામ અત્યારે કરો'
એ પાંડુરંગનું વલણ.
પાંડુરંગે રસ્તો કાઢ્યો.
આપણે બે ગાડીમાં જઈએ.
વહેલા પહોંચી જઈએ.
તમે સ્વામીજીને મળો. મળીને પૂછો.
સ્વામી હા કહે તો મને ખબર આપો.
હા કહે તો મળીશ. ના કહે તો પાછો ફરીશ.
ભગવાનની પૂરી કૃપા.
સ્વામીએ મળવાની હા કહી.
પાંડુરંગ ખુશ થતા થતા મળવા ગયા.
સ્વામીજીએ ખૂબ પ્રેમથી વાતો કરી.
પાંડુરંગે અનુષ્ઠાન અંગે સલાહ પૂછી, માર્ગદર્શન માગ્યું.
એમણે સલાહ આપી કે રેવા કિનારે જાવ. નિર્જન વેરાન સ્થાન શોધી કાઢો.
ભરૂચ અને શૂલપાણિની વચ્ચે એકાંત સ્થળે રહો.
પાંડુરંગે પાકો નિર્ણય કર્યો કે બસ! હવે રેવા કાંઠે.

•

## (૨૫)

## નર્મદે! શર્મદે!! સર્વદે!!!

નર્મદાકિનારે આવેલા ઈન્દ્રવર્ણા ગામે દત્તપુરાણના ૧૦૮ પારાયણ કરવાનો આદેશ થયો.

નર્મદા કિનારે આવેલા ભરૂચ ગામમાં રહેતા કલ્યાણજીભાઇ દેસાઇ પાસેથી દત્તપુરાણનો ગ્રંથ મળ્યો.

સાંઈખેડાના ધૂનીવાલા દાદાએ કહ્યું કે નર્મદા કિનારે જા. જંગલમાં મંગલ- જંગલમાં મંગલ.

લંગડે સ્વામીને મળ્યા તો તેમણે પણ સલાહ આપી કે નર્મદાને કિનારે કોઈ વેરાન સ્થળ પસંદ કરો.

આમ પણ તપ કરવા માટે નર્મદા કિનારો ઉત્તમ ગણાયો છે.

રેવાતટે તપઃ કુર્યાત્ મરણં જાહ્નવી તટે ।

રેવા કિનારે- નર્મદા કિનારે તપ કરવું જોઈએ અને ગંગા કિનારે મૃત્યુ થવું જોઈએ.

પોતાના ગુરુ વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજનું સ્થળ ગરુડેશ્વર પણ નર્મદા કિનારે જ.

પાંડુરંગે મનમાં નક્કી કરી દીધું કે હવે કોઈને પૂછવું નથી.

ક્યાંયે ફરવું નથી.

બસ! નર્મદાના કિનારે બેસી જવું.

નર્મદાના કિનારે એકાંત સ્થળ શોધી કાઢવું.

ભગવાનને પ્રાર્થના કરી કે આટલી મદદ કરી છે તો સ્થળ શોધવામાં પણ મદદ કરજે.

ગુરુ મહારાજને પ્રાર્થના કરી કે તારા આદેશનું પાલન કરવું છે તો મદદે દોડજો.

નર્મદા કિનારો કલ્યાણ કારી.

બસ! હવે તો નર્મદે! શર્મદે!! સર્વદે!!!

# મંગલાચરણ

(ગીર્વાણભાષા પ્રવેશ-પૂર્વાર્ધ)

**નત્વા સરસ્વતીં દેવીં શબ્દાર્થાન્તરધારિણીમ્ ।**
**દેવભાષા પ્રવેશાર્થં ક્રિયતે પુસ્તકં ત્વિદમ્ ॥ ૧ ॥**

શબ્દ અને અર્થને અંતરમાં ધારણ કરનાર સરસ્વતી દેવીને નમસ્કાર કરીને સંસ્કૃત (દેવભાષા)માં પ્રવેશ અર્થે આ પુસ્તકની રચના કરવામાં આવે છે.

**આંગ્લભાષા નિબદ્ધાનિ સન્ત્યેવ પુસ્તકાન્યપિ ।**
**ઈદં તુ ગુર્જરીબદ્ધં જ્ઞાનસૌકર્ય હેતવે ॥**

અંગ્રેજી ભાષામાં ગ્રથિત થએલાં બીજા પુસ્તકો તો છે; પણ જ્ઞાનની સરળતા થાય તે માટે ગુજરાતી ભાષામાં ગ્રથિત કરેલું છે.

(ગીર્વાણભાષા પ્રવેશ-ઉત્તરાર્ધ)

**અગરાજસુતાસુતાંઘ્રી વન્દેऽનલવાન્તિવર્ણનાશાય ।**
**નાશાય પ્રાણભૂતાં યલ્લત્તા કિમુત દૃષ્ટિકારુણ્યમ્ ॥**

અગ્નિના વાન્તિ (ધૂમાડા) જેવા વર્ણવાળા અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરવા હું હિમાલય (અગરાજ)ની પુત્રી(સુતા) પાર્વતીના પુત્ર (સુત) ગણપતિના ચરણકમળ(અંઘ્રી)ને વંદુ છું. (કારણકે) જેના પગની લાત પણ પ્રાણીઓના કલ્યાણ માટે છે તો પછી દૃષ્ટિની કરુણાનું તો પૂછવું જ શું?

રંગ અવધૂત મહારાજ

# રંગદાદાના હસ્તાક્ષર

ગાંડાસમ ગુરુભક્તના હોઠા બોલે ક્યાંય,
ભાઉં વારી તમામ પર, વંદન કરું સદાય!! ૫૭
ગરુડેશ્વરથી જ્યારથી લઈ ગુર્જીના તમે
પ્રભુક્ષેત્રમાં સ્થાપવા ભીડ્યા ગાંડા એમ, ૫૮
આનંદ મંડળ જ્યારે જતાં શ્રીગુરુ પાસ
મંદિર માટેની નહીં વિનંતિ કરવા ખાસ ૫૯
તોય શ્રીગુરુ આવે રે: શાને વિમાસણ એહ?
સૂણો સર્જન એ વદે; ગાંડાબુવાએ તેહ, ૬૦
કાલ સવાર જ્યારે ગયા હતા મળુ તમે,
ફરી શરૂ ત્યાર અહીં મંદિર માટ એમ. ૬૧
દેખો એહ શ્રીગુરુ વદે. નકી અધૂરો એહ
ગાંડાનાજ દિલ સ્પરે! ના એમાં સંદેહ!! ૬૨
શું કરવું એનું હવે? હતું મમ હૃદ એમ:
મમ સાંનિધ્ય ના કશું થાય કાર્ય એ તેમ. ૬૩
નકી સંકલ્પ ન માહરો ગયો હાજ ત્યાંહ.
માટ ગાંડાના હૃદ ફરી પ્રેરણા ત્યાંય ૬૪
કાર્ય કરાવ્યું આ અહીં વિના વિલંબે એમ!
તેથી મેં માન્યું નહીં, થાય આશ્ચર્ય તેમ!! ૬૫
જે જે એના મન મહીં આવે તે તે તેમ
માન્યું પ્રથમ હું; આજ આ બન્યું આહહું કેમ? ૬૬
ગાંડાને મહૂપ સહુ માન્યા નિઃસંદેહ,
કરે કાર્ય પૂરું હવ ઈશ્વરપ્રેરિત તેહ!! ૬૭
એમ કરી ઊઠી સ્વયં મંદિર માટે ત્યાંય
ખાતમુહૂરત ત સમે કર એહ ગુરુરાય. ૬૮
ખાતની વિચાર ચિત્તમાં કર એમ નિર્ધાર:
ત્યાગી સ્વા જડ દેહને, ભાવું હવ તત્કાલ ૬૯